# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH



## જીવનદૃષ્ટિ

ક્રોધ અને તિરસ્કારથી ભરેલા આ જગતમાં માનવતાનું સ્મિત કે સહાનુભૂતિભર્યો નિઃશ્વાસ શોધવા જવું તે મિથ્યા છે. આપણા કાર્યમાં આપણે કંઇક આશા, કંઇક ઔદાર્ય લાવવું જ હોય તો આપણે ફરી પાછો મૂળગામી ધર્મ સ્વીકારવો જોઇએ. આ ધર્મ નથી પૂર્વનો કે પશ્ચિમનો એ તો સાર્વત્રિક છે. તંદુરસ્ત મનોવૃત્તિની આધ્યાત્મિક જીવનદૃષ્ટિ વિના આપણે કોઈ ચિરંજીવ રચના કરી શકીએ નહિ. માનવ આત્માની દૈવી સંભવનાઓમાં શ્રદ્ધા રાખતી, સમગ્ર જીવનને અને અસ્તિત્વને સાંકળતી અને માનવ ઐક્યને સહારૂપ થાય તે માટે જુદા જુદા ધર્મો અને સંસ્કૃતીઓના સમન્વયનો આગ્રહ રાખતી પૌર્વાત્ય જીવનદૃષ્ટિ આપણે સ્વીકારવી જોઇએ.

1962

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૯
અંક
૧૨

આસો
સં. ૨૦૧૮

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત ૨૦૧૮ વાર્ષિક અનુક્રમણિકા

## પદ્ય વિભાગ


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મિત્તી મે સવ્વભૂએસુ | વિ. મૂ. શાહ | ૧ |
| ૨ | વર્ષારંભે પ્રભુસ્તુતિ | ” | ૨ |
| ૩ | નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના | ” | ૨ |
| ૪ | યોગાભ્યાસનો એકડો | પાદરાકર | ૮ |
| ૫ | વેરં મજ્ઝ ન કેણઈ | ધમ્મપદ | ૨૫ |
| ૬ | મધુર વચન બોલો | | ૨૬ |
| ૭ | ઈષ્ટિ વાણી | | ૪૧ |
| ૮ | જ્ઞાનમસ્તોના રાહ | | ૪૨ |
| ૯ | અપરિગ્રહી મહાવીર | | ૫૭ |
| ૧૦ | ગુરૂગમ | સ્વ. પાદરાકર | ૫૮ |
| ૧૧ | તાલધ્વજ ગિરિને | હસમુખ મઢીવાળા | ૭૨ |
| ૧૨ | સુભાષિત | | ૮૧ |
| ૧૩ | આત્મપ્રભુ પ્રત્યે પ્રાર્થના | સ્વ. પાદરાકર | ૮૨ |
| ૧૪ | દરિદ્રતા | | ૮૨ |
| ૧૫ | તૃષ્ણા | | ૯૭ |
| ૧૬ | ભો બગલા ! | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૯૮ |
| ૧૭ | મૌનનું મહત્ત્વ | | ૧૧૩ |
| ૧૮ | પાપમાંથી મુક્તિ | | ૧૨૯ |
| ૧૯ | ક્રોધ ઉપર ક્રોધ કરો | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૩૦ |
| ૨૦ | ક્ષમાયાચના | કુન્દનલાલ કાનજીભાઈ | ૧૪૫ |
| ૨૧ | ભાવનાશીલ | ” | ૧૬૩ |


## ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વરસનું મંગળમય વિધાન | હ. દે. શેઠ | ૩ |
| ૨ | ભક્તિ અને વિભક્તિ | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૯ |
| ૩ | અહિંસાની ત્રણ ધારાઓ | મુનિશ્રી શ્રીમલજી મહારાજ | ૧૧ |
| ૪ | મનનું પાપ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૪ |
| ૫ | ધર્મગુરુ અને ડોક્ટર | | ૧૭ |
| ૬ | મિત્રાં દષ્ટિની સઝાય | સ. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૨૦ |
| ૭ | સ્વીકાર અને સમલોચના | | ૨૩ |
| ૮ | ભય અને જય | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૨૭ |
| ૯ | શ્રમણ એક વાખ્યા | | |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૯મું ] આસો તા. ૭-૧૦-૬૨ [ અંક ૧૨

# ભાવનાશીલ

ઘેલો લેખી જગ-અનુભવી તો ઉપાલંભ દે છે,
હાનિ થાશે અનુસરણથી એમ તે તુચ્છકારે,
બુદ્ધિના એ વમળ ઉભરા સાર એમાં નહિં છે,
એવું કે'તા જન સહુ જતાં, સાથ ના કો રહે રે-
તિરસ્કારે ક્ષુલ્લક જન તો મુર્ખ માની હસે છે,
ઊંડે ઊંડે વ્રણ હૃદયમાં થાય આ સૌ પ્રહારે,
ને ત્યાં સ્નેહી હવઈ મમ સૌ ભાવનાને કહે છે,
ના જાણું કે કથન કરૂ શું કે જવું કેઈ પાર?
નિસ્પૃહાએ શુભ પુનિત જો ભાવનાઓ પ્રવર્તે,
છો ના તત્વો મુજ જીવનના વિશ્વમાં મેળ લેતાં,
વર્ષા વર્ષે, સ્તુતિ જન કરે નિન્દતા વા ભલે તે,
ભાવો વર્ષો સતત હૃદયે દિવ્યતાને વહન્તા,
સત્કાર્યોનો કદર-કર તું, ચિત્ત શાતા રહી તે,
વાંછુ દેવા! જીવન વહજો, શુદ્ધ કલ્યાણ થાતાં.

કુન્દનલાલ કાનજીભાઈ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભક્તિની શક્તિ

જ્ઞાન થયા પછી કરેલું કર્મ શોભે છે ખરું, પરંતુ તેમાં બળ નથી આવતું. બળ તો તેમાં જ્યારે ભક્તિનું તત્ત્વ ભળે છે ત્યારે જ આવે છે.

આ ભક્તિનું બળ વરાળ જેવું છે.

વરાળ જ્યારે નજર સામે દેખાય તેવા વાતાવરણમાં વિહરતી હોય છે ત્યારે તેને ઝાપટાં મારી આઘીપાછી કરી શકાય છે. પરંતુ જો તેને આંતરવામાં આવે તો મોટાં મોટાં એન્જીનો અને યંત્રો ચલાવવાની શક્તિ તેમાં આવી જાય છે.

ભક્તિનું પણ આવું છે.

ભક્તિ જો બહારની દુનિયાને દેખાડવા માટે કરવામાં આવતી હશે તો ગમે તે પ્રકારના પ્રસંગની ઝાપટ એને વેર-વિખેર કરી દેશે, પરંતુ જો એ ભક્તિના તત્ત્વને હૃદયની ભીતરમાં વિપુલ પ્રમાણમાં એકઠું થવા દેવામાં આવશે તો ભક્તિ અજબ શક્તિશાળી બની જશે.

વરાળની શક્તિ તો એન્જિનના યંત્રનું જ સંચાલન કરી શકતી હશે. ભક્તિની શક્તિ તો વિશ્વના સંચાલનને પણ વેગ આપી શકશે.

એન્જિનની ગતિને વેગ આપનાર વરાળને આંતરનારા કે એકત્ર કરનારા સાધનમાં જો છિદ્રો હોય તો વરાળ બહાર નીકળી જતાં શક્તિ અને ગતિ ઓછી થઇ જાય છે. તે રીતે ભક્તિને સાચવતાં હૃદયરૂપી સાધનમાં પણ આવું, રોવું અને પ્રદર્શન કરવું એવાં ત્રણ છિદ્રો પડતાં હોય છે. એ છિદ્રો દ્વારા ભક્તિનું તત્ત્વ વેરવિખેર થઇ જાય તો શક્તિનો સંચય થઈ શકતો નથી.

કેટલાક માણસો જીવનને માટે ઉપયોગી અને અનિવાર્ય સૂચનો આપતાં ભજન કેવળ ગાવામાં જ સાર્થકતા માને છે. એથી આગળ કશું વિચારતા નથી અને તેથી તેમની ભક્તિ શક્તિના પ્રાદુર્ભાવ માટે નકામી નીવડે છે.

—રવિશંકર મહારાજ.

# ગૌતમસ્વામીનો વિલાપ

કોઈ કોઈ વાર ગૌતમસ્વામીને પોતાના જીવનમાં ઊણપ દેખાતી.

પોતાના પછીથી દીક્ષિત થયેલાં કંઇક નવાં મુનિઓ સત્વર કેવળજ્ઞાન પામી જતાં, એક દિવસ કંઈક વ્યગ્રતાથી એમણે ભગવાન મહાવીરને આનું કારણ પૂછ્યું:

"પ્રભો ! મને કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે. ?"

'હે ગૌતમ ! જે દિવસે હું નિર્વાણ પામીશ તે જ દિવસે તને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે."

ગુરૂ ગૌતમને સમાધાન ન થયું. પ્રભુએ વિશેષ ખુલાસો કર્યો:

"જયાં સુધી તને મારા પ્રત્યે-મારા દેહ પ્રત્યે રાગદ્રષ્ટિ છે ત્યાં સુધી કેવળજ્ઞાન દૂર છે."

ગૌતમ શું બોલે ?

ત્યાર પછી તો ઘણો કાળ વીતી ગયો. પાવાપુરીમાં પ્રભુએ સ્થિરતા કરી. જાણ્યું કે જીવનયાત્રા પૂરી થવા આવી.

નિર્વાણને દિવસે જ પ્રભુએ ગૌતમનો મોહ દૂર કરવા કરુણાપૂર્વક એમને રાજગૃહીમાં દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા વિદાય કર્યા.

આસોની અમાસની રાતે ભગવાને સમાધિપૂર્વક દેહ છોડયો. વાતાવરણ કરુણમંગલ બની રહ્યું.

રાજગૃહીથી પાછા ફરતાં ગૌતમસ્વામીએ પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળ્યાં અને....પછી....

ઈતિહાસમાં આવી રીતે કોઈના રૂદનની કે વિલાપની નોંધ નથી લેવાઇ !

કેવું કરુણ....મર્મવેધી...નાના બાળક જેવું આક્રંદ! વનવગડાના ડુંગરા કે ઝાડપાન પણ કંપવા લાગ્યા !

રૂદનભારથી થોડીવારે અંતર કંઇક હળવું થયું. મનમાં મંથન જાગ્યું, મોહરૂપી અંધકાર ઓસરવા લાગ્યો.

સત્ય-જ્ઞાનની ઉષા પ્રગટ થવા લાગી.

ગૌતમસ્વામી કંઇક સ્વસ્થ થયા. અને ત્યાં તો...

**લખલખ તેજ પ્રગટ્યું,ગુરુગૌતમને કેવળજ્ઞાન!'**

—શાંતિલાલ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુરુ અને શિષ્ય

મનસુખલાલ તારાચંદ મહેતા

મુનિરાજ શ્રી સિદ્ધર્ષિની ખ્યાતિ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. જૈન સંઘે શ્રી સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃ'–સુપ્રસિદ્ધ વક્તાનું બિરુદ આપ્યું હતું, અને તે તદ્દન યથાર્થ હતું. ગારુડીની મોરલી પર વિષધર સર્પ પણ જેમ નૃત્ય કરવા લાગે છે, તેમ વેર–ઝેરથી અકળાયેલાં માનવીઓ પણ તેમનું વ્યાખ્યાન સાંભળી શાંત અને સૌમ્ય બની જતાં. તર્ક, ન્યાય અને કાવ્યશાસ્ત્રમાં તે અજોડ વિદ્વાન હતા. વ્યાખ્યાનમાં ઉત્તમ દૃષ્ટાંતો તેઓ એવી અપૂર્વ શૈલીથી સમજાવતાં કે શ્રોતાજનો તેની પર મુગ્ધ બની જતાં, અને ઘડી બેઘડી તો પોતાની જાતને પણ વીસરી જતાં. અન્ય ધર્મના પંડિતો, સંતજનો, ભક્તજનો અને સંન્યાસીઓ પણ તેમના વ્યાખ્યાનનો લાભ લેવા ચૂકતા નહિં.

સિદ્ધર્ષિ યુવાન, સશક્ત અને ભારે તેજસ્વી હતા. તેના ભાલ પર જ્ઞાન અને સંયમનું અલૌકિક તેજ દીપતું હતું, અને તેથી ભલભલા વિદ્વાન સ્ત્રી પુરુષો પણ તેની પ્રતિભામાં અંજાઈ જતાં. અનેક ધનવાન, વિદ્વાન અને અધ્યાત્મ પ્રેમી સ્ત્રી પુરુષો તેમનો સમાગમ સાધવા અને પરિચયમાં આવવા સતત પ્રયત્ન કરતાં, અને તેમાં જેઓ સફળ થતાં તેઓની ગણતરી તે વખતે મહાન ભાગ્યશાળીમાં થતી.

સિદ્ધર્ષિએ લગભગ તમામ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોવા છતાં બૌદ્ધ ધર્મના શાસ્ત્રોના અભ્યાસથી તેઓ વંચિત રહ્યા હતા. બૌદ્ધ ધર્મના શાસ્ત્રો માત્ર બૌદ્ધોને જ ભણાવવામાં આવતા, અને તે માટે અભ્યાસીઓએ બૌદ્ધ ધર્મની વિદ્યાપીઠોમાં જવું પડતું. એ વખતે, નાલંદા, ગયા, તક્ષશીલા અને મહાબોધનગરમાં બૌદ્ધ ધર્મની વિદ્યાપીઠો હતી. સિદ્ધર્ષિએ પોતાના ગુરુદેવ પાસે બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે મહાબોધ વિદ્યાપીઠમાં જવા માટે રજા માગી, અને ગુરુદેવ પોતાના શિષ્યની આવી વાત સાંભળી સ્તબ્ધ બની ગયા.

જ્ઞાનનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવતાં ગુરુદેવે પોતાના શિષ્યને કહ્યું : તાત્વિક દૃષ્ટિએ જ્ઞાન અને જ્ઞેય કાંઈ જુદા જુદા પદાર્થો નથી. આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. બહિર આત્મા, અંતરાત્મા અને પરમાત્મા, જુદા જુદા શબ્દો હોવા છતાં એક જ વસ્તુના ઉપાધિભેદે જુદાં જુદાં નામ છે. જ્ઞાનવડે પરમ આત્માની સ્થિતિ પ્રાપ્તિ કરવાની છે, અને તેથી જ ભગવાન મહાવીરે કહ્યું છે કે જે આત્મા છે તેજ વિજ્ઞાતા છે, અને જે વિજ્ઞાનનો દૃષ્ટા છે તેજ આત્મા છે.

સિદ્ધર્ષિના ગળે ગુરુદેવની વાત ન ઉતરી એટલે ત્યાં જવાના ભય સ્થાનો બતાવતાં ગુરુદેવે કહ્યું : ત્યાં ગયા પછી બૌદ્ધોની પેઠે રહેવું પડે, એનાં શાસ્ત્રો ભણવાં પડે. તેમજ વિધિ–વિધાન પણ કરવા પડે, અને ન્યાય તર્કની જટિલતામાં ગૂંચવાતાં પાછા ફરવાનું પણ કદાચ અશક્ય બની જાય.

સિદ્ધર્ષિના જ્ઞાન પાછળ અનુભવની ઉણપ હતી. અને અનુભવ વિનાનું જ્ઞાન ઘણી વખત જીવન વ્યવહારમાં ભારરૂપ થઈ પડે છે. ગુરુદેવની વાત સાંભળી સિદ્ધર્ષિનું અભિમાન ઘવાયું અને તેણે કહ્યું ગુરુદેવ ! ન્યાયતર્કની જટિલતામાં ગૂંચવાય જઉં તેવો સામાન્ય માનવી તમે મને માનો છો ? મારૂં ધ્યેય તો બૌદ્ધ ધર્મ પર વિજય મેળવવાનું છે, અને તે ધર્મનાં શાસ્ત્રોના અભ્યાસ કર્યા વિના ક્યાંથી શક્ય બને ?

ગુરુદેવ ભારે તત્ત્વજ્ઞ, વ્યવહાર કુશળ અને અનુભવી હતા. એમણે શ્રુતજ્ઞાન અને નિમિત્તનો ઉપયોગ મૂકી જાણી લીધું કે સિદ્ધર્ષિ મહાબોધ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય રહેવાનો નથી; પરન્તુ ભવિષ્યમાં એક વખતે ચોક્કસ પાછો આવે એ ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખી તેને જવાની રજા આપતાં કહ્યું: સિદ્ધર્ષિ ! તને જવાની રજા તો આપું છું-પણ એક શરતે. અભ્યાસ કરતાં કરતાં કોઇ પણ કારણે, ભવિતવ્યતાના યોગે તારૂં મન ભમી જાય અને કાયમ માટે ત્યાં જ રહેવાનું થાય, તો એ પરિસ્થિતિમાં તારે પોતે મારી પાસે આવી દીક્ષાગ્રહણ કરતી વખતે સ્વીકારેલો ઓઘો મને પાછો આપી જવો.

ગુરુદેવની શરત સાંભળી સિદ્ધર્ષિ ચમકયો અને કાંઇક આવેશમાં આવી કહ્યું; આપને શું એમ લાગે છે કે જૈન ધર્મમાં મારી અશ્રદ્ધાના કારણે હું બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા જઇ રહ્યો છું ?

ગુરુદેવે શાંતિપૂર્વક કહ્યું: તને અને મને જે લાગે તે પ્રમાણે જ આ જગતનો વ્યવહાર ચાલે તે શકય નથી. આજે અશકય દેખાતી વાત કાલે શકય પણ બની જાય છે. ભાવિ શું શું બનવાનું છે તે આપણે જોઇ શકતાં નથી, પણ માનવીના મનનાં અધ્યવસાયો સદાકાળે એક સરખાં સ્થિર રહી શકતાં નથી, અને તેમાં અવારનવાર પરિવર્તન આવે જ છે, એ વસ્તુ તો આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ તેથી જ તને જવાની રજા આપતાં પહેલાં આ શરત તારી પાસે માન્ય રખાવવાની મારી તીવ્ર ઇચ્છા છે.

સિદ્ધર્ષિ મહત્ત્વાકાંક્ષી હોવા છતાં ભારે ચતુર અને ચપળ હતો. ગુરુદેવની શરત સ્વીકારી તેમને થતી મૂંઝવણમાંથી મુક્ત કરવાના હેતુથી કહ્યું: ગુરુદેવ ! બૌદ્ધ શાસ્ત્રના તર્કમાં અનેક હેત્વાભાસો છે, અને તેઓ તમામ વસ્તુઓને ક્ષણિક માને છે. મનમાં અધ્યવસાયો સદાકાળ કદાચ સ્થિર ન રહે, પણ જૈનધર્મ અને બૌદ્ધધર્મનો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી, મારી શ્રદ્ધામાંથી ચલિત થઇ ભ્રષ્ટ બની જઇ બૌદ્ધો સાથે મળી જઉં, એટલો બધો અધમ અને વિવેકહીન તમે મને માનો છો ?

પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ સિદ્ધર્ષિ પર સ્થિર કરી અતિનમ્ર ભાવે પણ ગદ્‌ગદિત કંઠે ગુરુદેવે કહ્યું: સિદ્ધર્ષિ ! પ્રત્યેક મોહ માનવીની ઉન્નતિમાં બાધક અને અવનતિમાં નિમિત્ત રૂપ બને છે.

પછી તો ગુરુદેવના આશીર્વાદ લઇ સિદ્ધર્ષિ મહાબોધ પહોંચી ગયા અને ત્યાં વિદ્યાપીઠમાં દાખલ થઇ બૌદ્ધધર્મ શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો.

જે શાસ્ત્રોના અભ્યાસ માટે વરસોના વરસો વીતી જાય, તે શાસ્ત્રો સિદ્ધર્ષિએ રમતમાત્રમાં શીખી લીધાં વિદ્યાપીઠના ગુરુવર્ગને સિદ્ધર્ષિના મૂલ્ય સમજતાં વાર ન લાગી, અને વિદ્યાપીઠની સમિતિએ સિદ્ધર્ષિને આચાર્યપદે નિયુક્ત કરવા પ્રયત્નો શરૂ કર્યાં.

દેવલોકની અપ્સરાઓ પણ જે સાધકના મનને ડગાવવામાં નિષ્ફળ નીવડે છે, તેવા મહાન તપસ્વી, જ્ઞાની અને સંયમી સાધકને પણ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિનો મોહ ઘણી વાર પતનના માર્ગે ધસડી જાય છે, અને પછી તો **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** સિદ્ધર્ષિની બાબતમાં પણ આવું જ બન્યું. બૌદ્ધો પર વિજય મેળવવાની વાત એક બાજુએ રહી, પણ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિના મોહમાં એ પોતેજ બૌદ્ધોનું એક રમકડું બની ગયો.

સિદ્ધર્ષિના ત્યાગ, તપ અને સંયમમાં જેમ જેમ ઓટ આવવી શરૂ થઇ, તેમ તેમ બીજી બાજુએ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિની ભૂખમાં ભરતી આવતી શરૂ થઇ. પછી તો બૌદ્ધોના ગુરુસ્થાને દીક્ષા આપવાના મુહૂર્તનો દિવસ અને સમય પણ નક્કી થયાં, પરન્તુ તેમ કરતાં પહેલાં પોતાના ગુરુદેવને તેનો ઓઘો સુપરત કરવા માટેનું આપેલું વચન તેને યાદ આવ્યું. સિદ્ધર્ષિ વચનપાલન અર્થે ગુરુદેવ પાસે જવા નીકળી પડ્યા, અને એક દિવસે વ્યાખ્યાનની પૂર્ણાહુતિ વખતે ઉપાશ્રયમાં જઇ પહોંચ્યા. ગુરુદેવ એ વખતે વ્યાખ્યાનની પાટ ઉપરથી નીચે ઉતરવાની તૈયારી કરતા હતા.

સિદ્ધર્ષિએ ગુરુદેવ પાસે જઇ સુખ શાતા ન પૂછ્યાં, કે કશી વંદના વિધિ પણ ન કર્યો. અભિમાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા સાથે કર્મ જોડવાનાં કારણો

( લેખક:–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

આપણે જે સ્થૂલ શરીર જોઇએ છીએ, તેટલો જ આ આત્મા છે એવું માનીએ છીએ. પણ તેની સાથે બીજા પાંચ કોષો કે જે આવરણો આપણા આત્મા સાથે જોડાયેલા કે વીંટાએલા હોય છે એ ભૂલી જઇએ છીએ. મન અને વાસનાઓ સાથે આપણા આત્માનો સંબંધ ઓતપ્રોત થયેલો છે. તે આપણે જાણતા નથી. આપણે આપણું શરીર સંકોચી બેસી રહીએ ત્યારે પણ આપણું ચંચલ મન તો કામ કરતું જ હોય છે. અને ગમે ત્યાં ભટકતું અને અથડાતું હોય છે જ.

શરીર છૂટી ગયા પછી પણ અર્થાત્ મૃત્યુ પછી પણ આપણું શરીર દૂષિત મન આપણા આત્મા સાથે જાય છે જ. એ સમજવા માટે આપણે એક દાખલો લઇએ, એટલે તેની કલ્પના આપણને સમજાશે.

એક વ્યસનમાં આસક્ત થયેલો માણસ જ્યારે મરી જાય છે ત્યારે તેના આત્મા સાથે તેના વ્યસનની આસક્તિ નષ્ટ થઈ જતી નથી. તે ભૂત, પિશાચ વ્યંતર વિગેરે યોનિઓમાં ઘણા કાળ સુધી ભટકયા કરે છે. અને પોતાનું વ્યસન જ્યાં સેવાતું હોય ત્યાં તે વ્યસનનો ઉપભોગ લેવા તરફડિયા મારે છે. અને વ્યસની માણસની વાસના પ્રદીપ્ત થઈ જાય છે, પણ વ્યસનનો પૂરો ઉપભોગ લેવાનું જે સાધન તેનો અભાવ હોવાથી અર્થાત્ સ્થૂલ શરીર નહીં હોવાથી તેનું દુઃખ ખૂબ વધી પડે છે, અને તે પોતાની વાસનાઓનું દુઃખ ભોગવતો હોય છે.

જ્ઞાની સાધકો સર્વ પ્રથમ પોતાના ચંચલ મનને કબજે કરવાનો પ્રયત્ન કરે છે. મન તાબે

---

અંધ બની, વિવેકશૂન્ય બનીજઇ સિદ્ધર્ષિએ ગુરુદેવને કહ્યું: આપ આટલા ઉંચા આસને બેઠા છો તે આપને શોભતું નથી.

ગુરુદેવ માનવ સ્વભાવના મહાન અભ્યાસી હતા. સિદ્ધર્ષિની સામે નજર નાખતાંજ તેના મનની બધી વાતનો દોહ પામી ગયા. ચર્ચા, વાદ વિવાદ કે ઉપદેશ આપવાનો એ સમય ન હતો એમ સમજી ગુરૂદેવે તેને મહર્ષિ હરિભદ્રસૂરિજી રચિત 'લલિત–વિસ્તરા'ની ચૈત્યવંદન વૃત્તિ વાંચવા આપી, અને તરતજ પોતાના શિષ્ય સમુદાય સાથે મંદિરમાં દર્શન અર્થે ચાલી નીકળ્યા.

ગુરૂદેવ મંદિરમાં ગયા બાદ સિદ્ધર્ષિએ 'લલિત વિસ્તરાનુ'' વાચન શરૂ કર્યું. ગુરુદેવનો અદ્ભુત પ્રયોગ સફળ થયો, કારણ કે તેના વાચનથી તેના મન પરની સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિની પકડનો ભાંગી ભૂકો થયો, એટલું જ નહીં, પણ તેને એવો ભાસ થયો કે મહર્ષિ હરિભદ્રસુરીએ એ મહાન ગ્રંથની રચના તેના આત્માના હિતાર્થે જ કરી હતી. કેવી અજબ રીતે અને કેટલી ઝડપથી માનવીના અધ્યવસાયો પરિવર્તન પામે છે, અને સાતમી નરકને લાયકનો જીવ ક્ષણ માત્રમાં કઇ રીતે મુક્તિનો અધિકારી બની જાય છે, તે હકિકત પ્રસન્નચંદ્ર રાજર્ષિના જીવન પરત્વેની ભગવાન મહાવીર અને શ્રેણિકની ચર્ચામાંથી સમજી શકાય છે. સિદ્ધર્ષિનું પણ આમજ બન્યું. કારણકે થોડી વારે જ્યારે ગુરુદેવ ઉપાશ્રયમાં પાછા આવ્યા ત્યારે સિદ્ધર્ષિ તેમના વંદન કરી, પોતાથી થયેલાં અપરાધો માટે પ્રાયશ્ચિત માગી રહ્યા હતા.

સિદ્ધર્ષિમુનિએ 'ઉપમિતિ ભવપ્રપંચા'ની મહાન કથા લખી છે, અને આજે પણ જૈન સાહિત્યમાં તેનું સ્થાન મોખરે છે.

મનસુખલાલ તારાચંદ મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતા અંતે મનોલય થાય છે, અને ઉન્મની અવસ્થા આત્માને પ્રાપ્ત થાય છે. યોગસાધનાની એ ઉંચી ભૂમિકા હોય છે. માટે જ કહ્યું છે કે, જીવને બંધનમાં નાખનારૂં અને તેને મુક્ત કરવાનું સાધન મન જ હોય છે.

માણસ મર્યા પછી પણ જે જે વસ્તુઓ ઉપર તેની વાસના દૃઢ થઇ ગયેલી હોય છે ત્યાંથી તે આઘું ખસી શકતું નથી. અને ઘણા કાળ સુધી એ પોતાની વહાલી વસ્તુ ઉપર પોતાનું ચિત કેંદ્રિત કરી રાખે છે. પણ સ્થૂલ શરીરના અભાવે તે ઉપભોગ લઇ શકતો ન હોવાને કારણે પાર વિનાનું દુઃખ ભોગવે છે.

વૈદિક લોકોમાં શ્રાદ્ધ વિગેરે કરવાની કલ્પના ઉદ્દભવી અને તે ચાલી રહી છે તેનું મૂળ આમાં રહેલું છે.

આપણે સ્વધર્મી વાત્સલ્ય કરીએ છીએ તેમાં પણ પ્રકારો પડી જાય છે. એક ભાઇ પોતાના ધર્મ બંધુઓને આમંત્રે, સાદું પણ સ્વાદિષ્ટ ભોજન પિરસે, ભાવપૂર્વક ખુશી થઇ જમાડે, અને મનમાં રાજી રાજી થઈ જાય, એવો એક પ્રકાર છે. તેમ બીજો કોઇ તેવું જ સ્વધર્મી વાત્સલ્ય જમાડે, અને કહે કે આપણે લોકોના ઘરે જમી આવીએ અને કોઇને બોલાવીએ નહીં એ લોકોમાં સારૂ કહેવાય નહી તેથી આપણે પણ એક જમણ કરી નાખ્યું. ત્યારે ત્રીજો માણસ તેવુજ સ્વધર્મી વાત્સલ્ય કરે અને કહે કે, ભાઇ આપણે બીજાઓની પેઠે સાદું જમણ કરી પતાવી નહીં નાખીએ. આપણે તો પાંચ પકવાનો જમાડીએ જેથી આપણું નામ જ્યાં ત્યાં ગવાય અને લોકોમાં આપણી નામના અને વાહવાહ બોલાય. એ બધી ઘટનામાં ક્રિયા તો સરખીજ છે, પણ તેમાં દરેકની મનોભૂમિકા જુદી જુદી હોવાથી ફલનિષ્પતિ તદ્દન જુદી જુદી થાય એ સ્પષ્ટ જોવામાં આવે છે. એટલેજ અમો કહીએ છીએ કે, મન એજ બંધનું અને મોક્ષનું પણ કારણ હોઇ શકે.

મનની ભાવનાની જેટલી સચ્ચાઈ અને નિખાલસતા અને ઉંડાણ હોય તે પ્રમાણમાં શુભ અગર અશુભ કર્મનો બંધ આત્મા સાથે પડે છે. અને તેનો પરિપાક થતાં તેનાં સારાં કે માઠાં પરિણામો ભોગવવા પડે એ દેખીતું જ છે.

કેટલાએક લોકો પોતાની પાછળ પોતાનું નામ જળવાઈ રહે તે માટે કાંઈક દાનપુણ્ય કરે છે તે બાબત યાદ રાખવું જોઇએ કે, તેની પાછળ નામના કીર્તિનો મોહ કામ કરતો હોય છે અને તેથી તેના ફળમાં તેટલા પ્રમાણમાં કલુષિતતા પેસી ગએલી હોય છે, તેથી તેનું પૂર્ણ અને શુદ્ધ ફળ મળવું અશક્ય બની જાય છે.

કોઇ લોકો પોતાના માતા, પિતા કે સગાંઓને નામે દાનપુણ્ય કે મોટી રકમથી સ્મારક કરવાનો પ્રયત્ન કરે છે, તેમાં તે વ્યક્તિ માટેની ઉંડી ભક્તિ પૂજ્ય ભાવના કે આદર બતાવવાનો હેતુ હોય છે. તેમાં પોતાના મનની લાગણી પ્રગટ કરવાનો ઉદ્દેશ હોય છે. અને તેના પરિણામોનો સંબંધ તે પૂજ્ય માનેલી વ્યક્તિ સુધી પહોંચી શકે તેમ નથી. એમાં તો પોતાનીજ નમ્રતા, વિનય અને સદ્દગતના ગુણો ઉપર પૂજ્યભાવ દાખવવાનો હોય છે.

આપણે મહાપુરૂષોની પ્રતિમાઓ નિર્માણ કરી તેની સ્થાપના કરી તેના દર્શન પૂજનની વ્યવસ્થા સામુહિક રીતે કરીએ છીએ. તેમાં તે તે મહાપુરૂષોના ગુણોનો આદર્શ આપણી નજર સામે રાખી આપણે તેમનું અનુકરણ કરતા રહીએ એટલો જ ઉદ્દેશ હોય છે.

કોઈ રાજકારણી પરાક્રમી કે કાર્યકુશલ મુત્સદ્દીની પ્રતિમાઓ પણ ઉભી કરવામાં આવે છે. કોઇ પ્રતિભાસંપન્ન પંડિતોની પ્રતિમાઓ પણ ઉભી કરવામાં આવે છે. એમાં બહુજન સમાજને પ્રેરણા મળતી રહે એટલો જ ઉદ્દેશ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ કોઈ વ્યક્તિઓના સ્મરણાર્થે અમુક કાળે અનેક જાતના ઉત્સવો કરવામાં આવે છે. તેની પાછળ તે તે વ્યક્તિના ગુણવિશેષ આપણા મનમાં જાગે અને આપણા હાથે તેવા કાર્યો થવાની આપણને પ્રેરણા મળે એવો ઉદ્દેશ હોય છે.

સારા ગુણોનું ગૌરવ આપણે કરતા હોઈએ, અને તેની અનુમોદના કરતા હોઈએ ત્યારે આપણામાં પણ તેવા ગુણો પ્રગટ થવાનો સંભવ હોય છે. કરણ કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાવે એ વચનાનુસાર આપણામાં પણ તેવા ગુણોનો પ્રાદુર્ભાવ થાય એવો સંભવ રહે છે. માટે જ ગુણીજનોનું ગુણગૌરવ કરવું તેની અનુમોદના કરવી એ આપણું કર્તવ્ય છે. તેથી જ મૃત્યુ પામેલા મહાન જ્ઞાનીઓ અને પરાક્રમીઓનું સ્મરણકીર્તન આપણા માટે ગુણકારક જ નિવડે એમાં શંકા નથી.

હવે પ્રશ્ન થાય છે કે, આપણા કોઈ સગા કે ઇષ્ટ માણસની પાછળ કોઈ પુણ્ય કાર્ય કરીએ, મંદિરમાં સમારોહ ઉત્સવ કરીએ કે દાનધર્મ કરીએ અથવા એના નામની કોઇ સંસ્થા ઉભી કરીએ તેમાં તે મૃત્યુ પામેલી વ્યક્તિને આપણે પુણ્યનો હીસ્સો પહોંચાડી શકીએ કે કેમ ? એનો જવાબ મેળવવો જોઇએ.

મરનાર વ્યકિતના આત્મા સુધી આપણે તે પુણ્ય પહોંચાડી શકીએ કે કેમ એ માટે શંકા ભલે હોઇ શકે. પણ આપણને તો સદ્દગતના માટે આદરભાવ, આદરની લાગણી, બહુમાન અને ભક્તિની લાગણી હોવાથી કાંઇને કાંઇ પુણ્ય તો લાગે છે જ.

મરનાર આત્મા નવા જન્મમાં ભૂત, પિશાચ, વ્યંતર આદિમાંની કોઇયોનિ ધારણ કરે અને તે જીવન અદ્રશ્ય રૂપે અહિંઆ ને અહિંઆ વ્યતીત કરતો હોય તો તેની પાછળ આપણે જે કાંઇ કરીએ તેના આઘાત પ્રત્યાઘાત જાણતા કે અજાણતા તેના ઉપર પડે એમાં આશ્ચર્ય નથી. એ તો બધું જેની તેની મનઃસ્થિતિ ઉપર અવલંબી રહે છે.

કોઇ જીવ પોતાના કર્મના પરિણામને લીધે તિર્યંચ કે કૃમિકીટ તરીકે જન્મ ધારણ કરે અને મોહવશ આપણા સાનિધ્યમાં અવતરે તો પણ મૂકભાવે અજાણ સ્થિતિમાં લાભ મેળવે તેમાં આશ્ચર્ય નથી.

એ બધી વસ્તુઓ અદ્રશ્ય અને સામાન્ય બુદ્ધિને અનાકલનીય હોવાથી નિયાત્મક રીતે આમજ થયું એમ નિશ્ચયાત્મક કહી શકાય નહીં.

અમે પહેલા કહી ગયા તેમ દરેક ઘટનામાં મન એ મુખ્ય ભાગ ભજવે છે એમાં સંદેહ નથી તેથીજ આવા દાનપુણ્ય મરનાર સુધી પહોંચે નહીં તેથી કરવા લાયક નથી, એમ તો કહી શકાય નહીં.

મરનાર ઉપર જો આપણાં સાચાં પ્રેમ અને ભક્તિ હોય તો તેની પાછળ આપણી લાગણી પ્રગટ કરવાની આપણી કાંઇ કાંઇ ફરજ તો હોય જ તેથી આપણે તે ફરજ બજાવવાનું કાર્ય કરવું જ રહ્યું. મરનાર સુધી તેનું પરિણામ જવું જોઇએ એવો આગ્રહ આપણે રાખી ન શકીએ.

મનમાં જરા જેવી પણ લાગણી ન હોવા છતાં લોકને બતાવવા માટે જે કોઇ કાંઇ કરતા હોય તે માટે અમો કાંઇ કહેવા માગતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેલવાડા તીર્થ

લેખકઃ-વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિ મહારાજ શ્રી વિશાળવિજયજી

ઉનાથી ૩ માઇલ અને અજારા તીર્થથી ૧ માઇલ દૂર દેલવાડા ગામ આવેલું છે. દેલવાડા સ્ટેશનનું ગામ છે. સ્ટેશનથી ગામ ૦॥ માઇલ દૂર છે.

અહીં એકેય જૈનનું ઘર નથી. કપોળજ્ઞાતિના શ્રેષ્ઠીઓએ ભરાવેલી મૂર્તિઓના ઉલ્લેખો મળી આવે છે. આજે એ કપોળબંધુઓ મોટે ભાગે વૈષ્ણવધર્મ પાળે છે.

જૈન દેરાસરની પાસે ત્રણ ઓરડીઓવાળી એક નાની ધર્મશાળા છે. યાત્રાળુઓ અને સાધુઓ આ ધર્મશાળાનો ઉપયોગ કરે છે.

અહીં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું સુંદર મંદિર છે. આ મંદિર ઘણું પ્રાચીન છે. સં૦ ૧૭૮૪માં દીવનિવાસી કસ્તૂરભાઇએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

મંદિરમાં આજે પાંચેક મૂર્તિઓ છે. થોડાં વર્ષો પહેલાં અહીં આરસની ૩૮ પ્રતિમાઓ હતી. આરસનો ચોવીશીનો એક પટ્ટ હતો અને ધાતુ મૂર્તિનો બહુ મોટો પરિવાર હતો. આ કારણે જ તીર્થમાળાકારોએ 'દેલવાડે બહુદેવ' કહીને આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે.

અગાઉ અહીં દેરાસરની પાસે મોટો ઉપાશ્રય હતો પણ સારસંભાળ બિના જમીનદોસ્ત થઇ ગયો તેથી એ જગ્યા ઉપર ત્રણ ઓરડીઓ યાત્રાળુઓ માટે અને એક ઓરડી રસોડા માટે બંધાવી રાખેલ છે.

અહીંના દેરાસરની સ્થિતિ વધુ જીર્ણ બની ગઈ હતી તેથી ભાવનગર નિવાસી શેઠ કુંવરજી આણંદજીની પ્રેરણાથી શેઠ ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ લગભગ દશેક હજારની રકમ આપી જીર્ણોદ્ધાર વગેરે કાર્યો કરાવ્યાં છે.

સત્તરમાં સૈકામાં જ્યારે શ્રી હીરવિજયસૂરિ ઉનામાં ચાતુર્માસ ગાળવા નિમિત્તે આવ્યા ત્યારે તેઓ અજારા તીર્થની યાત્રાએ ગયા હતા એ સમયે બીજા ગામના શ્રી સંઘોની સાથેસાથ દેલવાડાનો શ્રીસંઘ પણ તેમના દર્શનાર્થે ગયો હતો.

(હીર સૌભાગ્ય મહાકાવ્ય સર્ગઃશ્લો૦૬ કની ટીકા)

શ્રી વિજયસેનસૂરિ પ્રભાસપાટણમાં ચાતુર્માસ નિર્ગમી, ત્યાં ત્રણ પ્રતિષ્ઠાઓ કરાવી, સીધા દેલવાડા પધાર્યા હતા અને દીવના સંઘના આગ્રહથી દેલવાડામાં ચાતુર્માસ રહ્યા હતા. શ્રી વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગઃ ૨૧, શ્લો૦૨૧માં જણાવ્યું છે કે—

**"વાર્ષિતપુણ્યપૂર્ણેન સંઘેન દ્વીપવાસિના ।
ચતુર્માસં ચકારાસૌ તદ્દેવકુલપાટકે ॥"**

એ સમયે શ્રી વિજયસેનસૂરિએ દેલવાડામાં દીવનિવાસી શેઠ હીરજીભાઇના ઘરદેરાસરની અને શોભા નામની શ્રાવિકાના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી હતી.

શ્રી વિજયસેનસૂરિ દીવના શ્રીસંઘ સાથે પાલીતાણા ગયા હતા. તે દરમિયાન દીવના રાજકર્તા ફિરંગી અધિકારીઓ પણ આ સૂરિ પ્રત્યે બહુમાન ધરાવતાં વિનંતિ કરવા આવ્યા હતા.

તુર્કોએ શ્રીમાલ, અણહિલવાડ, ચંદ્રાવતી, દેલવાડા, સોમેશ્વર એ બધાં સ્થાનોનો નાશ કર્યો હતો તેમ કહેવાય છે.

અનીરાની પંચતીર્થના ગામોની આસપાસનાં ગામોમાં જૈન દેરાસરો હતાં પણ કેટલેક સ્થળે તો આજે તેનું નામનિશાન જોવા મળતું નથી, કેટલેક સ્થળે દેરાસરો ખંડિત દશામાં વિદ્યમાન છે.

કોડીનાર પાસે આવેલા રોહીશા ગામનું જૈન મંદિર ખંડિયેર સ્થિતિમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીંથી ૧૫-૧૭ ગાઉ ઉપર સમુદ્રની વચ્ચે જાફરાબાદ નામે બેટ છે. તે અગાઉ શિયાળબેટ નામે જાણીતો હતો. ત્યાં જૈન મંદિરોનાં ખંડિયેરો છે અને જૈન પ્રતિમાઓના ખંડિત ભાગોનો દુરુપયોગ કરેલો પણ જોવામાં આવે છે. આજે તો અહીં એકેય જૈનની વસ્તી નથી. મોટે ભાગે ચાંચિયા લોકો જ અહીં રહે છે. અહીંથી મળી આવેલી પ્રતિમાઓના કેટલાક લેખોનો સાર આ પ્રકારે છે

(૧) સં. ૧૩૦૦માં સહજિગપુરના રહેવાસી પલ્લીવાલ જ્ઞાતિના શેઠે પ્રતિમા ભરાવી.

(૨) સં. ૧૩૧૫માં મહુવામાં મહાવીરસ્વામીના દેશમાં પોરવાડ શેઠ આસપાલના પુત્ર આશાદેવના પુત્ર ચાંધી જીવાએ પોતાના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથની પ્રતિમા ભરાવી.

(૩) સં. ૧૨૭૨માં ટીમાભાવના મહેરરાજ રણસિંહના શ્રેય માટે સર્વ સંઘે મળીને મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી.

આ લેખો ઉપરથી જણાય છે કે, આ બેટમાં અગાઉ જૈનોની પુષ્કળ વસ્તી હશે અને એક કરતાં ઘણાં જિનમંદિરો હશે. અને તે તેરમા સૈકાથીયે વધુ પુરાણાં મંદિરો હશે.

આજે તો આ અવશેષો જે પોતાની કથા કહે છે તેજ માત્ર સાંભળવાની રહે છે.

---

## અવસાન નોંધ

ભાવનગરનિવાસી પારેખ મનસુખલાલ નાગરદાસનું યાત્રાની મુસાફરી દરમિયાન રાધનપુર મુકામે તા-૨-૧૦-૬૨ના રોજ ત્રેપન વર્ષની ઉંમરે હાર્ટફેઇલથી અવસાન થયેલ છે તેની આ સભા દુઃખ પૂર્વક નોંધ લે છે. તેઓ ધાર્મિકવૃત્તિવાળા અને સેવાભાવી હતા. અમો સ્વર્ગસ્થના આત્માને ચિર–શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવેલી આપત્તિ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

## જયંતી

પ્રાતઃસ્મરણીય શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ અ.સો શુદી મંગળવારના રોજ આ સભા તરફથી દર વર્ષ મુજબ ગુરુભક્તિ નિમિત્તે અત્રેના મ્હોટા દેરાસરના શ્રી આદિનાથ મંદિરમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી ઉજવવામાં આવશે.

## આભાર.

શ્રી ઉંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠ શ્રી ભોગીલાલભાઇ નગીનદાસ જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૧૯ની સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાના સભાસદ બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે. આ પંચાંગ આ અંકની સાથે બીડેલ છે. જે સાંભળી લેવા વિજ્ઞપ્તિ છે. શેઠશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે અમે આભાર વ્યક્ત કરીએ છીએ

## પરિચય ટ્રસ્ટનું માસિક "ગ્રંથ"

મુંબઇના પરિચય ટ્રસ્ટ તરફથી વિવેચનનું માસિક "ગ્રંથ" થોડા સમયમાં શરૂ થનાર છે.

ગુજરાતના અનેક જાણીતા વિવેચકો, વિદ્વાનોના અને અભ્યાસીઓએ આ માસિકને પોતાનો સંપૂર્ણ સાથ આપવાનું સ્વીકાર્યું છે.

ઠે, ૧૯,૨૧ હમામ સ્ટ્રીટ મુંબઇ-૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન નેમનાથ

**શ્રી રતિલાલ મફાભાઇ શાહ**

ભગવાન નેમનાથ ઉર્ફે અરિષ્ટનેમિ એ જૈન-ધર્મના ૨૨મા તીર્થંકર છે. ઐતિહાસિક દૃષ્ટિએ અન્ય શાસ્ત્રોમાં એમનો ઉલ્લેખ ખાસ દેખાતો નથી, એમ છતાં પુરાણોમાં બે ચાર ઠેકાણે એમના નામનો જે ઉલ્લેખ થયો છે એ ઉપરથી એટલું તો કહી શકાય કે એ એક ઐતિહાસિક વ્યક્તિ હતા.

જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ યાદવ વંશના ક્ષત્રિય રાજ-કુમાર હતા, એટલું જ નહીં યોગેશ્વર ગણાતા ભગ-વાન શ્રીકૃષ્ણના એ પિત્રાઇ ભાઈ હતા. એમના પિતાનું નામ સમુદ્રવિજય અને માતાનું નામ શિવાદેવી હતું. શ્રીકૃષ્ણના પિતા વસુદેવ અને નેમ-નાથના પિતા સમુદ્રવિજય એ બન્ને યાદવપતિ અંધકવૃષ્ણિના પુત્રો હતા. આ દૃષ્ટિએ યાદવકુળે બે સમર્થ વિભૂતિઓને સાથે જન્માવી હતી. જેમણે ભારતીય ઇતિહાસમાં અહિંસા અને ગોવંશાદિ પ્રાણીઓની રક્ષાને ધર્મ મનાવી ધાર્મિક ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ ઉમેરી આપ્યું હતું.

જન્મ્યા હતા તો એ બન્ને શૌર્યપુરમાં અને એમનું બાળપણ પણ ત્યાં જ વીત્યું હતું; પણ પાછળથી શ્રીકૃષ્ણે કરેલા કંસના વધ પછી કંસના સસરા મગધરાજ જરાસંધના ઉપરા ઉપરી આક્ર-મણોથી કંટાળી યાદવોએ નીચે ઊતરી આવી સૌરાષ્ટ્રમાં વાસ કર્યો હતો અને દ્વારિકા નામે નગરી વસાવી ત્યાં રાજધાની સ્થાપી હતી.

શ્રીકૃષ્ણના જીવનમાં ઉલ્લાસ અને તરવરાટ દેખાય છે, જ્યારે નેમનાથનું જીવન શાંત, ગંભીર અને ચિંતનશીલ હતું. પ્રકૃતિ વૈરાગ્યના રંગે રંગાયેલી હતી. શૌર્ય જો કે એમનું અપાર હતું. એમ છતાં એને સંયમમાં રાખવાનું સામર્થ્ય અને સમજ હતી. પ્રસંગ આવે એ શૌર્ય બતાવવામાં પાછા પણ ન પડતા.

લાંબા સમય પછી કંસની પત્ની જીવયશાને કૃષ્ણ તથા યાદવકુળના વીરો વૈભવપૂર્વક દ્વારિકામાં વસી રહ્યાની જાણ થતાં એણે પિતાને કહી કૃષ્ણનું વેર લેવાની હઠ પકડી. જૈન કથાનક મુજબ આથી જરાસંધ, શિશુપાલ, હિરણ્યનાભ તથા દુર્યોધનાદિ કૌરવસેનાઓ સાથે દ્વારિકા ઉપર ધસી આવ્યો. શ્રીકૃષ્ણ-બળરામ-નેમનાથ-વસુદેવ-સમુદ્રવિજયાદિ દશ દશાર્હો તથા કૃષ્ણના પુત્ર પ્રદ્યમ્ન-શીખ સહિત યાદવ સેનાએ એ પ્રચંડ સેનાને માર્ગમાં જ રોકી પાંડવો પણ શ્રીકૃષ્ણના પક્ષે ઉપસ્થિત થયા હતા. એ ભીષણ સંગ્રામમાં બાજી હારજીત પર રહેતી. એકવાર જરા-સંધના પ્રબળ આક્રમણ અને જરાનાં ફેંકવાથી યાદવસેના પાછી હટી મૂર્છિત બની ગઈ. એક માત્ર નેમનાથ જ સ્વસ્થ બની ઊભા રહેલા. એમણે શંખ ફુંકી યાદવસેનાને ફરી સચેત કરી પ્રોત્સાહિત બનાવી. એ ભયંકર યુદ્ધમાં નેમનાથે અનેક રાજાઓના મૂગટો તોડી પાડ્યા રથો ભાંગી નાખ્યા તથા કૈંકને ધૂળ ચાટતા કર્યા. પાંડવોએ કૌરવોનો અને શ્રીકૃષ્ણે શિશુપાલ સહિત જરાસંધનો ઉચ્છેદ કર્યો. આમ પ્રતિવાસુદેવ જરાસંધનો નાશ કરી શ્રીકૃષ્ણ વાસુદેવ તરીકે પ્રગટ થયા. જૈનમતે એ છેલ્લા નવમા વસુદેવ હતા. આ યુદ્ધમાં ભીમે દુર્યોધનને અને બળદેવે અન્ય અનેક દુશ્મન મહારથીઓનો સંહાર કરી વિજય મેળવ્યો. આમ વિજય મેળવી યાદવસેના પાછી ફરી. જે જગ્યાએ આ તુમુલ યુદ્ધ મચેલું એ જગ્યાએ અતિપ્રાચીન એવી ભાવિ પાર્શ્વનાથની પૂર્વયુગમાં ઘડાયેલી મૂર્તિ સ્થાપિત કરી શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર બાંધવામાં આવેલું. આ કારણે આજના સકલ જૈનતીર્થોમાં એ અતિપ્રાચીન જૈનતીર્થ ગણાય છે ને એનો આજ પણ ભારે મહિમા ગવાય છે.

નેમનાથ બોલતા બહુ ઓછું. એમ છતાં એમના મુખપર એક જાતની પ્રસન્નતા છવાયેલી રહેતી અને

For Private And Personal Use Only

મુખપર મલકતું હાસ્ય. રાજવૈભવ હોવાને કારણે સુખ સાહેબીનો પાર નહોતો. ભોગનાં સાધનો પૂરેપૂરાં ઉપલબ્ધ હતા છતાં એમને એમાં રસ નહોતો. ને એ કારણે લગ્નથી એ બંધાયા નહોતા ઇચ્છતા. માતાપિતાની હોંસ હતી કે પુત્ર પરણે તો સારું! પણ એ તો એનો ઇનકાર જ કરતા. આ જોઈ ભગવાન શ્રીકૃષ્ણે લગ્નજીવન માટે એમને પ્રેરિત કરવા પોતાની પટારાણીઓની મદદ માગી અને એ માટે હરેક રીતે પોતાનું કલા–સૌંદર્ય અજમાવી એમને સમજાવી–સંમતિ મેળવી લેવા પટરાણીઓને તૈયાર કરી.

એથી એ બધી જલક્રીડા કે એવા કોઈ નિર્દોષ આનંદ–પ્રમોદના અવસરે એમને પરણવા માટે મીઠા–મધુર વચનોથી લલચાવવા મથતી, કયારેક ઠઠ્ઠા-મશ્કરીઓ કરતી, કયારેક જલક્રીડામાં ગભરાવી મૂકતી તો વળી 'કુંવર કેમ પરણતા નથી? ખર્ચની બીક હોય તો અમે એ ભોગવી લઈશું' કહી મીઠાં મહેણાં પણ મારતી. આમ મીઠી મજાકો અને દેરાણી લાવવાની વાતોથી એકવાર કુમાર નેમનાથ હસી પડયા. એ હાસ્યને એમની સંમતિ માની લઈ એની જાહેરાત કરવામાં આવી અને કંસના પિતા ઉગ્રસેનની પુત્રી રાજીમતિ સાથે વેવિશાળ પણ તરત જ ગોઠવી દેવામાં આવ્યું. જરાસંધના મૃત્યુ પછી કંસની ગાદીએ પાછળથી એના પિતા ઉગ્રસેનને બેસાડવામાં આવેલા, આથી મથુરામાં લગ્નની તડામાર તૈયારીઓ ચાલવા લાગી.

શુભ મુહૂર્તે દ્વારિકાથી જાન નીકળી અને મથુરા શ્વસુરગૃહે આવી પહોંચી આ વખતે ગામના ઝાંપે પશુશાળામાં પૂરેલા હજારો મૂક પશુઓ મૃત્યુના ભયે થરથર ધ્રૂજતા કરુણા યાચતી આંખે વરરાજા સામે ટગરટગર જોઈ રહ્યા હતા; જાણે કે એમ ન કહેતા હોય કે 'હે કુમાર! તમારા લગ્નનો મહોત્સવ એ તો અમારા માટે મરણનો જ મહોત્સવ બનશે, ને અમારું રુધિર તારું કુંકમ તિલક બનશે, તારા એકના સુખ ખાતર આમ હજારોની બલિ દેવાશે, એ શું તને ગમશે!'

નજર સમક્ષ નાચી રહેલા મૃત્યુના ભયે એ કરુણ આક્રંદ કરી રહ્યા હોય તેમ આંખો એમની ફાટી રહી હતી. હૃદય ધબકતું હતું અને મુખ પર ગભરાટ વ્યાપેલો હતો. આવું કરુણ દૃશ્ય જોઈ નેમનાથે પોતાના સારથિને પૂછયું કે 'આક્રંદ કરતાં આટલાં બધા પશુઓ અહીં કેમ એકત્ર કરવામાં આવ્યાં છે?'

પ્રત્યુત્તર મળ્યો કે 'આપના લગ્ન નિમિત્તે એનું મિષ્ટ ભોજન પીરસવા.' આવો જવાબ સાંભળી કુમાર નેમનાથનું હૃદય દ્રવી ઊઠયું. એમણે જાતે દોડીને એ બધા પશુઓને મુક્ત કર્યા ને એમને અભય આપ્યું. પશુઓ કરુણા યાચતી આંખે એમનો પરમ ઉપકાર માનતા હોય તેમ કુમારની સામે જોતાં જોતાં ભાગી છૂટયાં. દોડે ને પાછું વાળી સામે જોતા જાય.

કુમારના હૃદયમાં આ કરુણ પ્રસંગ જોઈ તુમુલ–યુદ્ધ મચ્યું. એ પોતાના મનને પૂછવા લાગ્યા કે 'લોકો લગ્નાદિ મહોત્સવ ઊજવવા કાજે સ્વાદની મજા માણે અને એ સ્વાદને ખાતર નિર્દોષ પશુઓની હત્યા કરે એ કેવું ક્રૂર કાર્ય છે! અને અહીં તો એ બિચારાં મારે જ કારણે મરવાનાં હતાં ને? એથી ભાગતાં ભાગતાં પણ એ પાછું વાળી મૌનપણે મને એમ જ કહી રહ્યા હતા કે 'જો અમને કોઈ બચાવી શકે તો કુમાર તું એક જ છે.' અમારા દિલની વ્યથા સમજનારો તું જ એકમાત્ર અમારો સહારો છે.'

આવા પ્રકારના વિચારોની ગડમથલમાં નેમનાથ ઊંડા ઊતરી ગયા. એમને સૂઝી આવ્યું કે એવાં લગ્નજીવનનો ત્યાગ કરવાથી જ એવો અબોલ પશુ-એનો કરુણ પોકાર જનહૃદયને જાગૃત કરી શકશે. એથી એવા નિર્દોષ પશુઓની રક્ષા ખાતર ત્યાગી બની એમની રક્ષા માટે અવાજ ઉઠાવવો એ જ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા માટે જીવન જીવવાની સાર્થકતા ગણાય.

આવા પ્રકારના નિશ્ચયથી પ્રેરાઇ કુમાર નેમનાથે પોતાનો રથ પાછો વાળ્યો અને સીધો એકાંત વન-પ્રદેશનો માર્ગ લેવા રથ હંકારી મૂકયો. માંસાહાર અને પશુહત્યાથી હૃદય એમનું ઘવાઇ ઉઠયું હતું. સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય ભાવ એમનામાં પ્રગટી ચૂકયો હતો. એથી લોકોના કાલાવાલા અને આગ્રહ છતાં એ પાછા ન ફર્યા તે ન જ ફર્યા. છેવટે વડીલોના આગ્રહથી એ દ્વારકા આવ્યા. પણ થોડા સમયમાં જ એમણે સંસારનો ત્યાગ કર્યો.

જનહૃદયને જાગૃત કરવા જેટલું વ્યકિતત્વ ખીલવવા અને એ અર્થે જીવનશુદ્ધિની સાધના કરવા એકાંત પવિત્ર સ્થળની આશાએ એ શત્રુંજયની ટેકરીએ ચઢયા. પણ ચારે બાજુ જીવોત્પત્તિનો પાર ન હોઇ એ અડધેથી જ પાછા ફર્યા અને ગિરનારની ભવ્ય ગિરિકંદરાઓમાં જઇને સ્થિર બન્યા. ત્યાંના સહસ્ત્રાવનની પવિત્ર જગ્યામાં એમણે ભિક્ષુપદ સ્વીકારી લીધું. જગતમાં વ્યાપેલી ઘોર હિંસા સામે માથું ઊંચકવા અને જનતાને જાગૃત કરી વિશુદ્ધિનો માર્ગ બતાવવા એમણે ત્યાં ઘોર સાધનાઓ સાધી, ઊંડું ચિંતન કર્યું અને આકરાં તપ તપ્યા. પરિણામે એમની કર્મજાળ ભેદાઇ ગઇ અને એ સિદ્ધ-બુદ્ધ-તીર્થંકર-વીતરાગ પદને પ્રાપ્ત થયા.

બીજી બાજુ રાજમહેલની અગાશી પર સખીઓ સાથે બેઠેલી રાજીમતિ દૂરથી પતિને નીરખી રહી હતી. સખીઓ એની મીઠી મજાકો કરતી હતી. એક જણ બોલી કે કુમાર છે તો નમણો પણ કાળો છે. શરમથી નીચું જોઇ રહેલી રાજીમતિ આવા વેણથી ચમકી ઊઠી. શરમ તજી એ બોલી ઊઠી 'કેશ, કસ્તુરી, કીકી કાળાં છે માટે જ શોભે છે. ગજરાજ કાળો હોવા છતાં પણ કેવો કામણગારો લાગે છે ? અને ધોળો હોવા છતાં ગધેડા સામું તો કોઇ જોતું પણ નથી. માટે રૂપ ચામડીમાં નથી પણ ગુણમાં છે બહેન ! ગુણ વિનાની ચામડી શા કામની ? કોઇનું જ દિલ એ આકર્ષી શકતી નથી.'

આમ વાત ચાલે છે ત્યાં તો કુમારનો રથ પાછો ફરતો દેખાયો. રાજીમતિના દિલમાં ધ્રાસ્કો પડયો, અમંગલની એને શંકા આવી. એથી તરત જ તપાસ કરાવી તો જણાયું કે કુમાર એકત્ર કરી રાખેલા પશુઓની થનારી હત્યાથી ખિન્ન થવાને કારણે સંસાર પ્રત્યે વૈરાગ્ય વાસિત બની પાછા ફર્યા છે.

આ ખબર સાંભળતાં જ રાજીમતિ મૂર્છિત બની ધરણી પર ઢળી પડી. દોડાદોડ અને સારવાર પછી જ્યારે એને ભાન આવ્યું ત્યારે જે માર્ગે નેમ ગયા હતા એ જ માર્ગે ગાંડી બની એ દોડવા લાગી. 'એનાથી પણ સારો વર તને શોધી આપશું' એવું એને આશ્વાસન આપવામાં આવ્યું પણ એ આશ્વાસન તો ઊલટું એના સમગ્ર શરીરને અગ્નની ઝાળ જેવું લાગતું હતું. આઠ આઠ ભવની એની પ્રીતિ હતી, એથી એ તો કોઇથી રોકી રોકાઇ નહીં. ચોધાર આંસુએ રડતી 'ઓ મારા નેમ-ઓ મારા નેમ'ના અવાજ સાથે વિલાપતી એ એના માર્ગે ભાગવા લાગી.

ગાંડાની જેમ છૂટા કેશે ભાગતી-ભટકતી એ એમની શોધમાં ફરતી ફરતી ગિરનાર આવી પહોંચી. ત્યાં જાણવા મળ્યું કે નેમ સહસ્રાવનમાં ભિક્ષુ બની ધ્યાનસ્થપણે ત્યાં ઊભા છે. એણે સહસ્ત્રાવનનો માર્ગ પકડયો. પણ રસ્તો અતિ ભયંકર ને વિકટ હતો.

અધૂરામાં પૂરું વરસાદ અને તે પણ ધોધમાર, વાદળ, ધુમ્મસનો પાર નહીં ને પવન કહે કે મારું કામ. રસ્તો આથી સૂઝે નહીં, જેથી એ નજીકની એક ગુફામાં આશ્રય લેવા પેઠી અને પલળેલા વસ્ત્રો સૂકવવા એ નગ્ન બની રહી. સામે જ એક મુનિ ધ્યાનસ્થપણે ઊભા હતા રાજીમતિને નગ્ન જોઇ એ કામવિહ્વલ બન્યા. અને એની પાસે આવી દુષ્ટ માગણી કરવા લાગ્યા. રાજીમતિએ સ્વસ્થ બની તરત જ વસ્ત્રથી શરીર ઢાંકી દીધું, અને મુનિને આવું ઉત્તમ ચારિત્ર્ય ક્ષણના સુખને ખાતર ન ગુમાવવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધ આપ્યો. એના સતીત્વ અને પવિત્રતાએ એવી ભવ્ય અસર નિર્માણ કરી કે મુનિ શરમિંદા બની એના પગમાં પડ્યા, ને બતાવેલી માનસિક દુર્બલતા માટે પશ્ચાત્તાપ અનુભવી ફરી ફરી એની ક્ષમા માગવા લાગ્યા. એ મુનિ હતા નેમનાથના જ ભાઈ રહનેમિ.

રાજીમતિનો છેવટે નેમકુમાર સાથે મેળો થયો, પણ એમનો સંસાર પ્રત્યેનો નિરાસક્તભાવ, નીતરતું પાવિત્ર્ય અને દિલને જગવનારો ધર્મબોધ પામી એ પણ એ જ પ્રમાણે વૈરાગ્ય–ત્યાગના જ પંથે વળી અને એણે પણ ભિક્ષુણિ પદ સ્વીકારી લીધું. એમનો એ પ્રણય હવે ધર્મ પ્રણયરૂપે ફેરવાઈ ગયો હતો. એમના જીવનની આ પ્રણયકથા એક કાવ્યનું રૂપ પામી આજે પણ ઘેર ઘેર ગવાય છે.

ઊંડા આત્મચિંતન અને જીવનશુદ્ધિની સાધના પછી કુમાર નેમનાથને કૈવલ્ય જ્ઞાન પ્રગટ થયું. સંસારના બધાં બંધનો તૂટી ગયાં હતાં. એ વીતરાત–અર્હંત જિનેશ્વર પદને પામ્યા હતા. શ્રીકૃષ્ણ–બળરામ સહિત ૫૬ કોટી યાદવોએ એ પ્રસંગે ભારે મહોત્સવ ઊજવ્યો. ઘણાઓએ એમના શરણે આવી ભિક્ષુપદ પણ સ્વીકારી લીધું.

જ્ઞાનપ્રાપ્તિ પછી પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનો પ્રચાર કરવા ભગવાન આખા દેશમાં ઘૂમ્યા, ખાસ કરીને માંસાહાર ત્યાગ અને પશુદયા પર એમણે ભારે ઝોક આપ્યો. અથવા તો એમ કહી શકાય કે માંસાહારત્યાગ અને પ્રાણીદયાનો ધર્મ પ્રબોધનાર એ સહુયા પ્રથમ હતા. ગુજરાતમાં આજે જે માંસાહારત્યાગ, ભૂતદયા, તથા પ્રાણીરક્ષાનો ધર્મ પ્રવર્તી રહ્યો છે, એના ઊંડા મૂળ નાખનાર ભગવાન શ્રી નેમનાથ જ હતા, જેમણે શૌર્યપુર–મથુરાથી અહીં ઊતરી–આવી અહિંસા–દયાની સંસ્કૃતિ નિર્માણ કરી હતી.

પોતાનું જીવનકાર્ય પૂરું કરી એ લાંબી ઉમરે ગિરનાર પર્વત પર નિર્વાણ પામ્યા હતા. જેમની સ્મૃતિમાં આજે પણ એ સ્થાને ભવ્ય જૈન મંદિરો ઊભાં છે, જે હરેક યાત્રીનું આકર્ષણ ને આરામસ્થાન બનતાં રહ્યાં છે.

ભગવાન નેમનાથનો મૂળ ઉપદેશ શો હતો એ જાણવાનું આપણી પાસે કોઈ સાધન ઉપલબ્ધ થયું નથી. એમ છતાં પરંપરાએ જે ધર્મ વહેતો આવ્યો છે એ ઉપરથી એટલું તો કહી જ શકાય છે કે અહિંસા–દયાનો ધર્મ પ્રચારનારાઓમાં એ અગ્રણી હતા.

વૈદિક ગ્રંથોમાં ભાગ્યે જ એમનું નામ જડે છે. પુરાણોમાં એકાદ બે સ્થાને એમના નામનો ઉલ્લેખ થયેલો છે પણ સાંપ્રદાયિક કાળમાં લખાયેલ એ ગ્રંથોમાં એમનાં કેવળ નિંદા–વાક્યો જ નજરે પડે છે. તેમ જ જ્યાં જ્યાં એમનાં સ્તુતિ–વાક્યો છે ત્યાં ત્યાં એ વાક્યોનો અર્થ જ પાછળના ટીકાકારોએ બદલી નાખ્યો જણાય છે. જેમ કે અરિષ્ટનેમિ એ નેમનાથનું જ બીજું નામ છે. પણ એનો અર્થ બહુ વિચિત્ર કરવામાં આવ્યો છે. આ કારણે એમના વિષેનું સંશોધન અન્ય શાસ્ત્રોદ્વારા કરવું ભારે કઠિન બની ગયું છે.

જૈન શાસ્ત્રો મુજબ શ્રીકૃષ્ણ નેમનાથના ઉપાસક હતા. વૈદિક મતે શ્રીકૃષ્ણ એમના કાળ દરમ્યાન અવતાર પદ પામ્યા નહોતા. (વાંચો વેદની વિચારધારા. લેખક શ્રી રાધાકૃષ્ણ) એમને અવતાર પદ તો પાછળથી આપવામાં આવેલું. એમના કાળમાં તો એ એક મહાન સમ્રાટ જ હતા, ને એથી એમને રાજ્યાવતારી પુરુષ કહેવામાં આવે છે. અહિંસા–કરુણતાના અવતાર બુદ્ધ–મહાવીરની જેમ ધર્માવતારી એમને ગણવામાં નથી આવ્યા. આ દૃષ્ટિએ શ્રીકૃષ્ણ નેમનાથ પ્રત્યે આકર્ષાયા હોય તો એમાં કંઈ આશ્ચર્ય જેવું ન ગણાય. એમનું જીવનકાર્ય નિષ્કામ કર્મયોગ આચરી વ્યાવહારિક ધર્મની સ્થાપના માટે હતું. આમ છતાં ગીતાના ગાયક તરીકે ત્યાગ–તપ–કરુણા–દયા–અહિંસાદિ તત્ત્વો પ્રત્યે એમનો જે પક્ષપાત હતો એ કાં તો ભગવાન નેમનાથના સહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાગૈતિહાસિક ગુજરાતઃ ટૂંકિ નોંધ

ડૉ. હસમુખ સાંકળિયા

**સાહિત્ય પરિષદનાં ૨૧માં અધિવેશનમાં પુરાતત્ત્વ વિભાગનાં પ્રમુખ ડૉ. હસમુખ સાંકળિયાના વ્યાખ્યાનમાંથી સાભાર**

આજથી એકહજાર વર્ષ પહેલાં શરૂ થયેલો કાળ— ઈ. સ. ૯૭૦થી ઈ. સ. ૧૨૦૦ સુધીનો કાળ, જેને આપણે સોલંકી યુગ તરીકે જાણીએ છીએ તે—ગુજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ કહી શકાય. ગુજરાતનું વિસ્તરેલું સામ્રાજ્ય, જાહોજલાલી ભોગવતું પાટનગર, અસંખ્ય મંદિરો અને તોરણોથી વિભૂષિત તળભૂમિ—આ સર્વ પાણીની પૂરતી સગવડો સિવાય અસ્તિત્વમાં આવવાં અને લાંબો વખત નિભાવવાં અશક્ય હતાં. તેથી જ રાજા, રાણી, અધિકારી વર્ગ અને પ્રજાએ ઠેર ઠેર તળાવો, કૂવા વાડી બાંધી પોતાને કૃતાર્થ થતાં માન્યા છે. આનું એક જ કારણ કે ઉત્તર ગુજરાતમાં હમણાંની જેમ વરસાદ બહુ અનિયમિત રીતે આવતો. એટલે દીર્ઘદૃષ્ટિ રાખીને રાજાએ અને પ્રજાએ પાણી સંઘરવુ જ રહ્યું. આ તળાવ કે કૂવો તમે ધાર્મિક દૃષ્ટિએ બાંધો કે બીજા કોઈ હેતુથી, પરંતુ એનો ફાયદો તો એક જ રૂપે થાય.

સોલંકી યુગનાં આવા કેટલાયે તળાવો અને કૂવાઓમાં પાટણનું સહસ્રલિંગ તળાવ અને વીરમગામનું કર્ણસર તળાવ પ્રસિદ્ધ છે.

પાણીની આ કિંમત માનવે ફક્ત સોલંકી યુગમાં જ જાણી ન હતી. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ આવાં તળાવોથી શરૂ થાય છે. આ કાળથી જ માનવ એક ઠેકાણે થોડોક સમય પણ કરી ઠામ રહેવા લાગ્યો અને પોતાના કુટુંબીજનોને જ્યાં રહેતો ત્યાં દાટવા લાગ્યો. આ વાતની શરૂઆત હજારો વર્ષ પર થઈ. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં જ્યાં જ્યાં કુદરતી તળાવો છે ત્યાં માનવે વસતી કરી હતી એમ અમારા છેલ્લાં વીશ વર્ષના અભ્યાસ પરથી માલુમ પડયું છે. આ કેવી રીતે બન્યું તે સહેજ વિસ્તારથી જોઈએ.

---

વાસને કારણે હોય યા તો ઋષિ ઘોર આંગિરસને કારણે હોય. કારણ કે अथ यत्तपोदानमार्जवमहिंसासत्यवचनमिति ता अस्य दक्षिणाः ॥ છાંદો. ઉપ. ૩-૧૭-૪-૬) શબ્દો દ્વારા આ જ્ઞાન ઘોર આંગિરસ તરફથી શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયું હતું એમ કહેવાય છે.

ઉપરના તપ, દાન-અહિંસાદિ તત્ત્વો શ્રવણ વિચારધારા સાથે વધારે સુસંગત હોઈ આજના પંડિતો ઘોર આંગિરસ એ જ ભગવાન નેમનાથ છે એમ માનવા તરફ ઢળ્યા છે. (વાચો હિંદી સંસ્કૃતિ અહિંસા) એથી જો ઘોર આંગિરસ એજ નેમનાથ હોય તો નેમનાથ વિષેની ઐતિહાસિક સાશંકતા નિર્મૂળ બને.

જેમ ભગવાન નેમનાથ એ જૈનધર્મના આ યુગના ૨૨મા તીર્થંકર છે તેમ જૈનશાસ્ત્રોની કલ્પના મુજબ ભગવાન શ્રીકૃષ્ણ આવતા યુગના પદ્મ નામે ૧૨મા તીર્થંકર બનશે. જે ભવિષ્ય સંભવામિ યુગે યુગે એ વચન મુજબ ગીતાકારની ભાષા સાથે બહુ અંશે મેળ ખાય છે. ગમે તે હો; પણ એક વાત છે જ કે ગોવંશાદિ પ્રાણીઓની રક્ષાનો ધર્મ શીખવી શ્રીકૃષ્ણે તેમ જ અહિંસા દયાનો ધર્મ શીખવી નેમનાથે આજની ભારતીય સંસ્કૃતિનો ઊંડો પાયો નાખ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાગૈતિહાસિક તળાવો

ઉત્તર ગુજરાતમાં અમદાવાદથી માંડીને અરવલ્લીના પહાડ સુધી જ્યાં જ્યાં જોઈએ ત્યાં એક રેતાળ સપાટ પ્રદેશ દેખાય છે. ગુજરાતના વાતાવરણમાં અમુક ફેરફારો થવાથી આ રેતીના ઢગો પવન અને નદીએ રચ્યાં. ઘણી જગ્યાએ આવા રેતાળ પ્રદેશમાં નાના નાના ટીંબાઓ જોવામાં આવે છે. આવી રચના પરથી પણ ગુજરાતનું પ્રાચીન હવામાન કેવા પ્રકારનું હોવું જોઈએ તે જાણવા મળે છે. હવે જ્યાં જ્યાં ત્રણેક ટીંબા ભેગા મળે છે ત્યાં ત્યાં તેમની વચ્ચે એક નાનું તળાવ કુદરતી રીતે જ ઉદ્ભવે છે. આ તળાવમાં વર્ષમા ૮થી ૧૦ મહિના પાણી ભરાઈ રહે છે.

આ ટીંબાઓ પર નાનાં પથ્થરનાં હથિયારો મળી આવે છે. સાધારણ રીતે ઉત્તર ગુજરાતમાં પથ્થરનો એક ટુકડો પણ મળવો મુશ્કેલ છે, પરંતુ માનવે ત્રીશ-ચાલીશ માઈલ લાંબેથી અકીક જેવા પથ્થરો લાવીને અને એમાંથી નાના નાનાં ચપ્પુનાં પાનાં જેવાં હથિયારો બનાવીને પોતાનો જીવનનિર્વાહ શરૂ કર્યો. આવી રીતે અમુક હવામાનને લીધે બનેલાં તળાવોને સૌથી પહેલી જ વાર (ગુજરાતમાં) માનવે ઉપયોગમાં લીધાં. એટલે જો આપણે કેવળ તળાવોનો જ ઇતિહાસ લખવો હોય તો તેની શરૂઆત ગુજરાતના એ તળાવોથી થાય.

## લાંઘણજનો માનવ

માનવનું આ જીવન કેવા પ્રકારનું હતું તે થોડેક અંશે અમને લાંઘણજ નામના ગામ પાસે આવેલા ટીંબાઓના ખોદકામથી સમજવા મળ્યું. લાંઘણજ આંબલિયાસન વિજાપુર રેલલાઇન પર એક નાનું ગામ છે, અને અમદાવાદથી લગભગ ૬૦ માઇલ ઉત્તરમાં આવેલું છે. અહીં આવેલા ટીંબાઓની શોધ અમે ૧૯૬૨માં કરી હતી. ત્યાર પછી ત્યાં પાંચેક સાલ નાના નાનાં ખોદકામ કર્યાં હતાં. આ ખોદકામની બધી વિગતોમાં અહીં નહિ જઈએ. ટૂંકમાં કહીએ તો ગુજરાતના આ વિસ્તારમાં પાંચથી દસહજાર વર્ષ પહેલાં હાલ કરતાં સહેજ વધારે વરસાદ પડતો અને ગેંડા (Rhinoceros) પ્રાણી આવા તળાવ અને તેની આસપાસ આવેલાં જંગલોમાં ઘૂમતાં. માનવ આ ગેંડાનો શિકાર કરતો, એટલું જ નહિ, પણ એના મોટાં ભાગો—જેવાં કે ખભાનું હાડકું—એને એરણ તરીકે કે પાટા તરીકે ઉપયોગમાં લેતો. મેં ઉપર કહ્યું તેમ ઉત્તર ગુજરાતમાં પથ્થર જ નથી, એટલે કંઈ કામ માટે કયાંયથી પણ આવા પથ્થરો લાવવા રહ્યા. (લાંઘણજ-માં આવા તળાવ પર ગણપતિની એક મૂર્તિને ઊંધી કરી એના પર કપડાં ધોવાતાં મેં જોયા છે.)

નાનાં પથ્થરો તો નદીના પાત્રમાંથી લાવવામાં આવતા, પણ આ પથ્થરો એક સપાટ અને પહોળા પાટા પર મૂકીને એમાંથી હથિયારો બનાવી શકાય. આને માટે જો પથ્થર મળે તો હાડકું વાપરવામાં આવતું. આમ માનવે વાતાવરણનો બહુ સુંદર અને હોંશિયારીથી ઉપયોગ કર્યો હતો.

## શબને દાટવાની પ્રથા

જે રીતે આ માનવના શબને ગુજરાતમાં દાટવામાં આવતું તે પણ નોંધવાલાયક છે. શબને દાટતાં માથું ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ સાધારણ રીતે રાખવામાં આવતાં. હવે આ જ પ્રથા અહમદનગરમાં નેવાસી સ્થળે કરવામાં આવેલા અમારા ખોદકામમાં અમારી નજરે પડી. અહીં લગભગ ૨,૫૦૦ વર્ષ જૂના ૧૦૦થી વધારે માટીના ઘડામાં દાટેલાં નાનાં બાળકોનાં અને આધેડ વયનાં માનવોનાં દફનો અમને સાંપડયાં છે.

આમ, ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી હમણાં જ પ્રાપ્ત થયેલી આ નવી હકીકત પરથી આપણે કહી શકીએ કે આપણામાં હાલ જે વહેમ છે કે રાતના સૂતી વખતે માથું ઉત્તર તરફ ન રાખવું તે આવી પાંચ હજાર વર્ષ જૂની દાટવાની પ્રથા ઉપરથી ઉત્પન્ન થયો હશે! અને હવે સાપ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને લિસોટા રહ્યા તેમ આ પ્રથા વહેમ તરીકે જ ચાલુ રહી છે ! !

## પ્રગૈતિહાસિક કાળમાં લોકો

લાંઘણજમાંથી મળી આવેલાં હાડપિંજરો અને અન્ય ચીજો ગુજરાતના અને હિંદના માનવ-ઇતિહાસ માટે બહુ ઉપયોગી છે. પણ સૌથી મહત્ત્વનાં તો આ હાડપિંજરો જ છે. પ્રાગૈતિહાસિક કાળમાં લોકવસ્તી કેવી જાતની હતી તે સમજવાને આ હાડપિંજરોથી વધારે સારું સાધન કયું મળે? વળી, હમણાં તો આવાં બારેક હાડપિંજરો કેવળ લાંઘણજમાંથી મળ્યાં છે. ત્યાં બીજાં પણ મળવાનો સંભવ છે. અને જ્યારે હું તમને જણાવું કે લાંઘણજ જેવા ઉત્તર ગુજરાતમાં બીજા ૧૦૦થી વધારે ટીંબાઓ છે ત્યારે તમને ખ્યાલ આવશે કે આપણા ગુજરાતના અને હિંદના પ્રાચીન માનવ-વંશના ઇતિહાસને માટે આ એક અમૂલ્ય સામગ્રી છે હજુ તે જમીનમાં જ દટાયેલી છે, કારણ કે અન્ય કામોને લીધે ઉત્તર ગુજરાત તરફ હવે જવાતું નથી. પણ મને આશા છે કે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના પુરાતત્ત્વ અને માનવવંશશાસ્ત્રના વિદ્યાર્થીઓ આ કામ ભવિષ્યમાં ઉપાડી લેશે.

લાંઘણજનો આ માનવ હમણાં તો ભારતનો જૂનામાં જૂનો માનવ ગણાય છે. લોથલ, મોહનજો-દેરો, હડપ્પા ઇત્યાદિ સ્થળોમાંથી માનવનાં જે હાડપિંજરો મળી આવ્યાં છે. તેનાં કરતાં પણ આ વધારે જૂનો છે, છતાં એ ભારતનો આદિમાનવ તો નથી જ.

## ગુજરાતનો આદિમાનવ

આ આદિમાનવે બનાવેલાં પાષાણનાં હથિયારો મહી, સાબરમતી, ઓરસંગ અને કરજણની ભેખડો-માંથી અમે ૨૦ વર્ષ પર શોધ્યાં હતાં. જે થરોમાંથી આ હથિયારો મળ્યાં હતાં તેમના અભ્યાસ પરથી અને હથિયારોના આકાર પરથી આદિમાનવ ગુજરાતમાં આશરે બે લાખ વર્ષ પર વસતો હશે એમ અમે અનુમાન કર્યું હતું.

બે જુદી જુદી રીતે આ માનવના સમય અને હવામાન પર તાજેતરમાં નવો પ્રકાશ પાડ્યો છે. પ્રથમ તો આદિમાનવ—જેનો કાળ લગભગ સાડા છ લાખ વર્ષ જૂનો માનવામાં આવતો તે—હવે સત્તર લાખ વર્ષ જૂનો હોવાનો સંભવ છે. આ સમય એક તદ્દન નવી આધુનિક શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર નક્કી કરવામાં આવ્યો છે. અંગ્રેજીમાં એને આર્ગોનપોટેશિયમ પદ્ધતિ ( Argon–Potassium Method ) કહે છે.


| | | |
|---|---|---|
| ૪૪ સાધુ સંન્યાસીઓ યુગદૃષ્ટા બને ! | મુનિ નમિચંદ્ર | ૧૪૧ |
| ૪૫ સાચી પ્રભુભક્તિ | | ૧૪૬ |
| ૪૬ સુખની ચાવી | | ૧૪૬ |
| ૪૭ યોજકસ્તત્ર દુર્લભ | | ૧૪૬ |
| ૪૮ હારની ચોરી | | ૧૪૭ |
| ૪૯ માનવતાનું પ્રાગટ્ય | | ૧૫૬ |
| ૫૦ પાંચમી થિરાદૃષ્ટિની સઝાય | સં. ડો. વલ્લભદાસ નેણશીભાઇ | ૧૫૮ |
| ૫૧ ભક્તિની શક્તિ | રવિશંકર મહારાજ | ૧૬૪ |
| ૫૨ ગૌતમસ્વામીનો વિલાપ | શાંતિલાલ શાહ | ૧૬૪ |
| ૫૩ ગુરુ અને શિષ્ય | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૫ |
| ૫૪ આત્મા સાથે કર્મ જોડવાનાં કારણો | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૬૭ |
| ૫૫ દેલવાડા તીર્થ | મુનિશ્રી વિશાળવિજયજી | ૧૭૦ |
| ૫૬ ભગવાન નેમિનાથ | રતીલાલ મફાભાઇ શાહ | ૧૭૨ |
| ૫૭ પ્રાગૈતિહાસિક ગુજરાત | ડૉ. હસમુખરાય સાંકળિયા | ૧૭૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૦ | મિત્રા દૃષ્ટિની સઝાય | સ. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૩૨ |
| ૧૧ | મધુકરી | | ૩૬ |
| ૧૨ | અમર આત્મ નિરીક્ષણ | અમરચંદ માવજી શાહ | ૩૮ |
| ૧૩ | સમાજ ઋણ | કે. દેસાઈ | ૪૩ |
| ૧૪ | આત્મવિકાસ | વિ. મૂ. શાહ | ૪૬ |
| ૧૫ | બીજી તારાદૃષ્ટિની સઝાય | સ. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૪૯ |
| ૧૬ | શરીર એટલે ભોગાયતન | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૫૧ |
| ૧૭ | મતભેદ પ્રગટે ત્યારે | | ૫૪ |
| ૧૮ | ભુક લાગે તે ચડે | શિવજી દેવશી મઢડાવાળા | ૫૫ |
| ૧૯ | યુગદૃષ્ટા મહાવીર | | ૫૯ |
| ૨૦ | ભગવાન મહાવીર | | ૬૨ |
| ૨૧ | મહાવીર જયંતી | | ૬૪ |
| ૨૨ | અંતરંગ અને બહિરંગ | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૬૮ |
| ૨૩ | ત્રીજી બલા દૃષ્ટિની સઝાય | સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૭૦ |
| ૨૪ | પારસમણિ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગર | ૭૪ |
| ૨૫ | જીવનનો આવશ્યક ગુણ : ગંભીરતા | | ૭૬ |
| ૨૬ | આચાર્ય શ્રી હેમચંદ્ર | કુ. સરોજ ન. પરીખ | ૭૭ |
| ૨૭ | પાંચસો વિજયધ્વજ | મુનિશ્રી વિશાળવિજયજી | ૮૩–૧૦૦ |
| ૨૮ | ઉના | મુનિ. શ્રી વિશાળવિજયજી | ૮૩–૧૦૦ |
| ૨૯ | ચોથી દીત્રા દૃષ્ટિની સઝાય | સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ | ૮૭–૧૦૪ |
| ૩૦ | એકજ કોથળીમાં એ વસ્તુઓ | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૯૧ |
| ૩૧ | ચંદનના દ્વાર ક્યારે ઉઘડશે | મુનિશ્રી જનકવિજયજી | ૯૩ |
| ૩૨ | હીરાલાલ હાલચંદ દલાલનું ભાષણ | | ૯૬ |
| ૩૩ | સ્વરાજ્ય | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૦૭ |
| ૩૪ | સમાજસેવાનો માર્ગ | આલ્બર્ટ સ્વીત્ઝ | ૧૧૧ |
| ૩૫ | ભક્તિની પરંપરા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૧૫ |
| ૩૬ | પોપટિયું જ્ઞાન | આત્મારામ શર્મા | ૧૧૮ |
| ૩૭ | અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ | | ૧૨૦ |
| ૩૮ | શેઠ માણેકલાલ ચુનીલાલનું ભાષણ | | ૧૨૨ |
| ૩૯ | એક પ્રવચન | ફતેચંદ ઝવેરભાઇ | ૧૨૪ |
| ૪૦ | વિજય ઉમંગસુરિનો સ્વર્ગવાસ | | ૧૨૬ |
| ૪૧ | ભવિતવ્યતા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૩૧ |
| ૪૨ | અજારાતીર્થ | મુનિશ્રી વિશાળવિજયજી | ૧૩૨–૧૫૫ |
| ૪૩ | વિકૃતિ અને વિકૃતિગત | પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ.એ. | ૧૩૩ |


(અનુસંધાન પૃષ્ઠ ૧૭૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No.

# શાંતિનો માર્ગ

ઇતિહાસ આપણને ચેતવે છે કે આજના માર્ક્સવાદી તર્ક તથા મિશનરીના ઉમંગ અને ઈશ્વર માટેના માનવીના ઉત્સાહ વચ્ચેનો સંઘર્ષ પણ સમજબુદ્ધિથી અને બાંધછોડ કરીને અટકાવી શકાય. આપણી પોતાની બાજુ જો આપણને બરોબર સમજાતું હોય (તે યે આપણને તો સમજાતુ નથી) તો માનવજાતને ગાડરાં અને બકરામાં વહેંચી નાખવાની જૂની રસમનો આશ્રય લેવાની આપણને જરૂર પડે ખરી? આજે સૌથી મોટી જરૂર તો ઉદારતાની છે. 'આપણે એકમેકના સભ્યો છીએ' એ સંત પોલનું કથન સાચું અનુમાન છે અને એક પ્રકારની નૈતિક વ્યવસ્થા માટેનું આવાહન છે. શાન્તિ સ્થાપવાની જો આપણી ઇચ્છા જ હોય તો દરેક સંઘર્ષને ધાર્મિક સ્વરૂપ આપી દેતી, આ પોતાની જાતને સાચી જ ઠેરવતી અંધવૃત્તિનો આપણે ત્યાગ કરવો જોઇએ. 'વિચારોનું યુદ્ધ કોઇ પણ ભોગે જીતવાનો આપણે નિર્ધાર કરીએ છીએ–પછી ભલે એમ કરતાં દુનિયા આખીનુ સત્યાનાશ નીકળી જાય.' આપણે કોઈ સંસ્થાન માટે લડતા હોઇએ તો એ ધ્યેય સિદ્ધ થતાં યુદ્ધનો અંત આવી જાય છે. પણ આપણે જો ન્યાય માટે લડતા હોઇએ તો આપણું યુદ્ધ વિનાશક બની જાય છે. આધુનિક યુદ્ધની ચાલબાજીઓ એટલી વિનાશક અને ભયકારક છે, અને ત્રીજા વિશ્વયુદ્ધનાં આર્થિક, સામાજક અને સાંસ્કૃતિક પરિણામો એવાં વિનાશક હશે કે વિજેતાને માટે, વસવાટ માટે સાવ નકામા ખંડેરો અને જેમાં પરિવર્તન શક્ય નથી તેવી વિટંબના વિના બીજું કંઈ રહેશે નહીં, સમતોલ ચિત્તવૃત્તિ ધરાવતી કોઈ પણ વ્યક્તિ આવું ભવિષ્ય જોઇને થથરી જશે. આ સામુદાયિક આત્મહત્યામાંથી આપણે માનવજાતને બચાવી લેવી જોઇએ.

આજના આ વિક્ષિપ્ત યુગમાં સિદ્ધાંતસ્વામીઓની જવાબદારી, ના, એમની સારેની તક ઘણી મોટી છે, કારણ કે છેવટે તો માનવજાતનું ભવિષ્ય વસ્તુઓથી નહીં પણ વિચારોથી નક્કી થશે. આપણી પાસે તો મુદ્રાલેખ તરીકે 'સત્યમેવ જયતે'નું સૂત્ર છે. આખરે તો વિજય સહી–સમજી શકનારા અને સહાનુભૂતિપૂર્વક પ્રેમ દર્શાવનારા માનવીના આત્માનો જ થશે.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ. ભાવનગર

For Private And Personal Use Only